GJCU020071762025

દાખલ તારીખ :– ૦૬/૧૧/૨૦૨૫
રજુ તારીખ :– ૦૬/૧૧/૨૦૨૫
ફેસલ તારીખ :– ૦૪/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ – માસ–દિવસ
**૦૦ – ૦૬ – ૨૯**

**આંક:– ૩૭**

# <u>ફોર્મ એ</u>

**<u>છોટાઉદેપુરના અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ</u>**

**ફોજદારી કેસ નંબર. ૫૬૯૨/૨૦૨૫**

(એફ.આઈ.આર. ની વિગતો/ગુન્હો અને પો.સ્ટે.)

**રંગપુર પો.સ્ટે. પાર્ટ એ ગુ. ર. નં. ૪૫૫/૨૦૨૫**

**ગુન્હો :** બી.એન.એસ. ની કલમ–૩૦૫ તથા ૩૩૧(૪) મુજબ

| | |
|---|---|
| ફરીયાદી | **શ્રી સરકાર**<br>**મારફત:** મદદનીશ સરકારી વકીલશ્રી છોટાઉદેપુર |
| સરકાર તરફે સરકારી વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રી એમ.જે.પટેલ |
| આરોપી | **મનિષભાઈ ઉર્ફે ગુડુ મોહનભાઈ ગુપ્તા,**<br>ઉ.વ.આ.૩૧, ધંધો: ડ્રાઈવિંગ, રહે.વોર્ડ નં.૦૭ ગોલવાર ટોલા મહોલ્લા પોસ્ટ, તા.મુહમદાબાદ ગોહના, જી.મહુ (ઉત્તર પ્રદેશ) |

| | |
|---|---|
| આરોપી તરફે વકીલશ્રી | વિ.વ.શ્રી એસ.એમ.પઠાણ<br>**Legal Aid Defense Counsel (LADC)** |

# **ફોર્મ બી**

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ** | ૧૨/૦૯/૨૦૨૫ |
| **ફરીયાદની તારીખ** | ૧૩/૦૯/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૦૬/૧૧/૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યા તારીખ** | ૨૪/૧૧/૨૦૨૫ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૦૮/૧૨/૨૦૨૫ |
| **ચુકાદો સંરક્ષીત રાખ્યાની તારીખ** | ૨૭/૦૫/૨૦૨૬ |
| **ચૂકાદાની તારીખ** | ૦૪/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો હોય તો** | એન.એ. |

## **આરોપીની વિગત :-**

| **નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન પર મુકત કરવામાં આવેલ હોય તેની તારીખ** | **કયા ગુનાનો આક્ષેપ છે** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર** | **શું સજા કરી** | **સી.આર.પી. સી.ની કલમ–૪૨૮ મા ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **મનિષભાઈ ઉર્ફે ગુડુ મોહનભાઈ ગુપ્તા** | ૧૬/૦૯/૨૫ | જામીન અરજી નામંજુર થયેલી.<br>**UTP** | **B.N.S** ની કલમ ૩૦૫ તથા ૩૩૧(૪) | **નિર્દોષ** | **NIL** | **વર્ષ: ૦૦, માસ: ૦૮, દિવસ: ૧૯** |

## // **JUDGEMENT** //

### (૧) **ફરીયાદપક્ષના કેસ અને ફરીયાદની ટુંકી હકીકત**:–

ફરીયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના સુર્યાસ્ત પછી રાત્રીના ક. ૦૯:૦૦ વાગેથી તા.૧૩/૦૯/૨૦૨૫ ના ક. ૦૬:૦૦ વાગે સુર્યોદય પુર્વે મોજે સુરખેડા મુકામે કોઈ ચોર ઈસમ આ કામના ફરીયાદીના ઘરનો દરવાજો ખોલી અંદર પ્રવેશી રહેણાંક મકાનમા રસોડાના ભાગે સુટકેશમાં મુકેલ રોકડા રૂા. ૧,૦૦,૦૦૦/– તથા એક રીયલમી કંપની નો મોબાઈલ કિંમત રૂા. ૫૦૦/– તથા સુટકેશની કિંમત રૂા. ૫૦૦/– તથા જરૂરી કાગળો કિંમત રૂા. ૦૦/– તથા ફરીયાદીના પિતા તથા ભાઈના મોબાઈલ નંગ–૨, કિંમત રૂા. ૧૦,૦૦૦/– તથા સાહેદ બાબુભાઈ ભાયાભાઈ રાઠવા નાઓના ઘરેથી તેમનો વિવો કંપનીનો મોબાઈલ કિંમત રૂા. ૫,૦૦૦/– તથા રોકડા રૂા. ૧૧૦૦/– ની સાથે મળી કુલ કિંમત રૂા. ૧,૧૭,૧૦૦/– ની મતાની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોવાની ફરીયાદીની ફરીયાદ અનુસંધાને રંગપુર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૪૫૫/૨૦૨૫ થી એફ.આઈ.આર. રજીસ્ટર કરી તપાસ કરનાર અમલદારને આ કામના ગુનાની તપાસ સોંપવામાં આવતા તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપીની ધરપકડ કરી જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, પંચો રૂબરૂ પંચનામાં કરી હાલના આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ( હવે પછી ટુંકમા **B.N.S.** સંબોધેલ છે.) **ની કલમ–૩૦૫ તથા ૩૩૧(૪)** મુજબના શિક્ષાપાત્ર ગુના સબબનું ચાર્જશીટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ( હવે પછી ટુંકમા **B.N.S.S.** સંબોધેલ છે.) ની કલમ–૧૯૩ અન્વયે અત્રેની અદાલતમાં રજુ કરતા હાલનો ફોજદારી કેસ રજીસ્ટર થયેલ છે.

## (૨) ન્યાયિક કાર્યવાહીની શરુઆત :–

સદર કામે આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં આરોપી ને આ કોર્ટ સમક્ષ હાજર કરતા આરોપીને **B.N.S.S. ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પૂરી પાડયા બાદ **આંક–૦૩** થી આરોપી સામે **તહોમતનામુ** ફરમાવી, **આંક–૦૪** થી આરોપીનો **જવાબ** લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

## (૩) ફરીયાદપક્ષનો પુરાવો :–

ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવા કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

## ફોર્મ સી

### ફરીયાદ પક્ષનો મૌખિક /દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ

| અનુ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી– સચીનભાઈ સુમલાભાઈ રાઠવા | ૦૬ |
| ૨ | ફરીયાદ | ૦૭ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૮ |
| ૪ | પંચસાહેદ– રણજીતભાઈ વિઠૃલભાઈ તડવી | ૦૯ |
| ૫ | મુદામાલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૦ |
| ૬ | પંચસાહેદ– સંજયભાઈ કંદુભાઈ રાઠવા | ૧૧ |
| ૭ | સાહેદ– અનિલકુમાર ઈશ્વરભાઈ રાઠવા | ૧૪ |
| ૮ | સાહેદ– અશ્વિનભાઈ સોરમાભાઈ રાઠવા | ૧૫ |
| ૯ | સાહેદ– મેહુલકુમાર ઈશ્વરભાઈ ચૌહાણ | ૧૬ |
| ૧૦ | સાહેદ– વ્રજેશકુમાર રમેશચંદ્ર શર્મા | ૧૭ |

| | | |
|---|---|---|
| ૧૧ | સાહેદ– દુરસીંગભાઈ અનુભાઈ રાઠવા | ૧૮ |
| ૧૨ | રીકંન્ટ્રકશન પંચનામું | ૧૯ |
| ૧૩ | સાહેદ– સાજનભાઈ કાજમભાઈ રાઠવા | ૨૧ |
| ૧૪ | સાહેદ– ભરતભાઈ કાંતિભાઈ નાયકા | ૨૨ |
| ૧૫ | સાહેદ– ઉપેન્દ્રસિંહ રમણભાઈ રાઠવા | ૨૩ |
| ૧૬ | સાહેદ– નિતેષભાઈ સુમલાભાઈ રાઠવા | ૨૪ |
| ૧૭ | સાહેદ– સુમલાભાઈ મનાભાઈ રાઠવા | ૨૫ |
| ૧૮ | સાહેદ– મિસલીબેન સુમલાભાઈ રાઠવા | ૨૬ |
| ૧૯ | સાહેદ– જશવંતસિંહ અર્જુનભાઈ રાઠવા | ૨૭ |
| ૨૦ | સાહેદ– ઉર્વશીબેન સચીનભાઈ રાઠવા | ૨૮ |
| ૨૧ | સાહેદ– બાબુભાઈ ભાચાભાઈ રાઠવા | ૨૯ |
| ૨૨ | સાહેદ– ભાચાભાઈ કટુભાઈ રાઠવા | ૩૦ |
| ૨૩ | સાહેદ– રેશલીબેન ભાચાભાઈ રાઠવા | ૩૧ |
| ૨૪ | સાહેદ– ધોળીબેન બાબુભાઈ રાઠવા | ૩૨ |
| ૨૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૩૩ |
| ૨૬ | પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનો રીપોર્ટ | ૩૪ |
| ૨૭ | ફિંગરપ્રિન્ટ એકઝામીનેશન ઓપીનિયન | ૩૫ |
| ૨૮ | ત.ક.અ.– તખતસિંહ ફતેસિંહ રાઠવા | ૩૬ |

ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાની વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક જાહેરાત કરતાં ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર થવાથી આ કામ આરોપીનું **B.N.S.S. ની કલમ–૩૫૧** મુજબનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલું.

## (૪) <u>આરોપીના વિશેષ નિવેદન</u> :–

ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું **B.N.S.S. ની**

**કલમ–૩૫૧** મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ એ ફરીયાદીની ફરીયાદ હકીકતનો મહદઅંશે ઈન્કાર કરી વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેઓની ઉપર ખોટો કેસ કરેલાનું જણાવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.જે.પટેલની તથા બચાવપક્ષે વિ.વ.શ્રી એસ.એમ.પઠાણની દલીલો સાંભળવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી દલીલોની ચર્ચા અહીં ના કરી હવે પછી યોગ્ય જગ્યાએ વિગતવાર કરવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલા તહોમતના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરુ છું.

**: મુદ્દાઓ :**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા. ૧૨/૦૯/૨૦૨૫ ના સુર્યાસ્ત પછી રાત્રીના ક. ૦૯:૦૦ વાગેથી તા.૧૩/૦૯/૨૦૨૫ ના ક. ૦૬:૦૦ વાગે સુર્યોદય પુર્વે મોજે સુરખેડા મુકામે આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના ઘરનો દરવાજો ખોલી અંદર પ્રવેશી રહેણાંક મકાનમા રસોડાના ભાગે સુટકેશમાં મુકેલ રોકડા રૂા.૧,૦૦,૦૦૦/– તથા એક રીયલમી કંપની નો મોબાઈલ કિંમત રૂા.૫૦૦/– તથા સુટકેશની કિંમત રૂા. ૫૦૦/– તથા જરૂરી કાગળો કિંમત રૂા.૦૦/– તથા ફરીયાદીના પિતા તથા ભાઈના મોબાઈલ નંગ –૨, કિંમત રૂા. ૧૦,૦૦૦/– તથા સાહેદ બાબુભાઈ ભાચા ભાઈ રાઠવા નાઓના ઘરેથી તેમનો વિવો કંપનીનો મોબાઈલ કિંમત રૂા.૫,૦૦૦/– તથા

રોકડા રૂા.૧૧૦૦/– મળી કુલ કિંમત રૂા.૧,૧૭,૧૦૦/– ની મતાની ચોરી કરી લઈ જઈ બી.એન.એસ. ની કલમ–૩૦૫, ૩૩૧(૪) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદ્દા પરત્વે મારો નિર્ણય નીચે મુજબ આપુ છું.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ....

## (૭) <u>કાનૂનિ પરિસ્થિતિ</u> :–

ફોજદારી કેસના ન્યાયિક નિર્ણય કરતાં સમયે પુરાવાનુ પૃથ્થકરણ તથા મૂલ્યાંકન કરતી વખતે નામ. સુપ્રિમ કોર્ટે ***કે.એમ.નાણાંવટી વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર*** **(એઆઈઆર–૧૯૬૨ સુપ્રિમ કોર્ટ ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરુરી બને છે.

(૧) ફરિયાદ પક્ષે આરોપી ઉપર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

(૨) સમગ્ર ટ્રાયલ દરમ્યાન પુરાવાનો બોજો શરુઆતથી અંત સુધી ફરિયાદ પક્ષ ઉપર રહે છે.

(૩) આરોપીનુ આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદ પક્ષે પુરવાર કરવાની રહે છે.

(૪) અપવાદરુપ સંજોગોનુ અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનુ રહે છે.

(૫) પોતાનુ કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનુ છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(૬) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી શકે છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે, અથવા ફરિયાદ પક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનુ ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

## (૮) <u>ફરીયાદપક્ષના સાહેદોની જુબાની</u> :–

(૮.૧) ઉપરોકત કાનૂની સિધ્ધાંતો ધ્યાનમાં રાખી હવે આ કેસમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા જોઈએ તો, આ કામે ફરીયાદપક્ષે **આંક–૦૬** થી **ફરીયાદી સચીનભાઈ સુમલાભાઈ** ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના જમી પરવારી આશરે નવેક વાગ્યાના સુમારે તેઓના માત–પિતા તથા તેઓનો ભાઈ નિતેષભાઈ તથા તેઓ અને તેઓની પત્ની ઘરમાં સુઈ રહેલા હતા. અને ઘરનો દરવાજો બંદ રાખેલો અને બીજા દીવસે સવારે ઉઠીને દાંતણ પાણી કરતા હતા ત્યારે તેઓનો ભાઈ નિતેષભાઈ તેનો ફોન શોધખોળ કરતા તેનો ફોન નહી મળતા તેઓની પત્નીના ફોનથી ફોન કરતા તેઓ ના ભાઈના ફોન પર રીંગ જતી હતી પરંતુ ફોન મળતો ન હતો. જેથી રસોડા ના ભાગે જતા ત્યા ઘરમાં એક સુટકેસ મુકેલી હતી જે જોવા મળેલી નહી. જે સુટકેસમાં તેઓએ એક ખેતર વેંચાતુ રાખેલુ હોય તેના એક લાખ રુપીયા ખેતર વાળાને આપવાના હોવાથી બે મહીના અગાઉ છોટાઉદેપુર પ્રાઈમ બેંક માંથી લોન લીધેલી. પરંતુ સોદો કેન્સલ થતા આ રુપીયા બેગમાં મુકેલા હતા. જે સુટકેસ મળી આવેલી નહી અને તેઓના પિતાનુ પેન્ટ રસોડામાં ટાંગેલુ હતુ તે પેન્ટના ખિસ્સામાંથી એમ.આઇ.૧૪ મોબાઈલ પણ મળી આવેલો નહી. જેથી તેઓના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય ચોરી થયાની શંકા જતા

તેઓએ આજુબાજુ તથા સગા સંબંધીમાં તપાસ કરેલી. પરંતુ ચોરાયેલ મુદ્દામાલ મળી આવેલ નહી. જેથી તેઓના ભાઈનો સેમસંગ કંપની એમ.૩૬ મોબાઈલ તથા તેઓના પિતાનો એમ. આઈ.૧૪ તથા રૂા.૧,૦૦,૦૦૦/– રોકડા પાંચસો ના દરની બે બંડલ હતા જે ચોરાઈ ગયેલા હોય બનાવની તેઓએ ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. તેઓનો ચોરીમાં ગયેલ મુદ્દામાલ પોલીસે કબજે કરેલ હોય પોલીસે તેઓને જાણ કરતા તેઓએ આ મુદ્દામાલ અરજી કરી નામદાર કોર્ટ માંથી છોડાવી લીધેલ છે જે હાલ તેઓની પાસે છે. ફરીયાદ આપ્યા બાદ ચોર પકડાયેલ હોય તેને રી–કન્ટ્રકસન કરવા પોલીસ તેઓના ઘરે લાવેલી હોય તે વખતે ચોરને તેઓએ જોયેલો.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલ. અજાણ્યા ઈસમે ચોરી કરેલી. આરોપીની કોઈ ઓળખ પરેડ પોલીસે કરેલી નહી. પોલીસે તેઓને હાલનો આરોપી ચોર છે તેવું જણાવતા તેવી તેઓને ખબર પડેલી. પોલીસે હાલના આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવતા તેઓ ને ખબર પડેલી. પોલીસે તેઓની હાજરીમાં મુદામાલ કબજે કરેલ નથી.

**<u>રીકવરી પંચનામાના પંચસાહેદોનો પુરાવો</u>**

(૮.૨) ફરીયાદપક્ષે **આંક–૧૦** વાળા અતિમહત્વનાં **રિકવરી પંચનામા**નાં **પંચસાહેદ રણજીતભાઈ વિઠ્ઠલભાઈ** ને **આંક–૦૯** થી **તથા પંચસાહેદ સંજયભાઈ કંદુભાઈ રાઠવા** ને **આંક–૧૧** થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે આજથી ચાર પાંચ મહીના પહેલા તેઓને છોટાઉદેપુર એલ.સી.બી. કચેરીએ બોલાવી તેઓને એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી. તે સિવાય તેઓ કઈ જાણતો નથી. તેઓની રુબરુ કોઈ ઈસમ પાસેથી એક મિણીયા થેલીમાંથી રોકડ રકમ તથા મોબાઈલ કબજે કરવામાં આવેલ

હોય અને તે અંગેનું પંચનામુ કરવામાં આવેલ હોય તેવુ બનેલુ નહી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં પંચો તરીકે તેઓની સહીઓ છે જે તેઓ ઓળખે છે. તેઓને સદર પંચનામુ વાંચી બતાવવામાં આવે છે તેવી કોઈ કાર્યવાહી તેઓની રુબરુ કરવામાં આવેલી નહી.

સદરહું પંચસાહેદો ફરીયાદ હકીકતને મહત્વની બાબતે સમર્થન કરતા ન હોઈ તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને કોર્ટની પરવાનગીથી તેમની ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલા નથી.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદો એ વાતનો સ્વીકાર કરે છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી.

**પોલીસ સાહેદોનો પુરાવો**

(૮.૩) ફરીયાદપક્ષે **આંક–૧૪** થી **સાહેદ અનિલકુમાર ઈશ્વરભાઈ રાઠવા** તથા **આંક–૧૫** થી **સાહેદ અશ્વિનભાઈ સોરમાભાઈ રાઠવા** તથા **આંક–૧૬** થી **સાહેદ મેહુલકુમાર ઈશ્વરભાઈ ચૌહાણ** તથા **આંક–૧૭** થી **સાહેદ પ્રજેશકુમાર રમેશચંદ્ર શર્મા** તથા **આંક–૨૧** થી **સાહેદ સાજનભાઈ કાજમભાઈ રાઠવા** તથા **આંક–૨૨** થી **સાહેદ ભરતભાઈ કાંતિભાઈ નાયકા** તથા **આંક–૨૩** થી **સાહેદ ઉપેન્દ્રસિંહ રમણભાઈ રાઠવા** ને કે જેઓ બધા પોલીસ સાહેદો છે તેઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, હાલ તેઓ બધા એલ.સી.બી. છોટાઉદેપુરમાં ફરજ બજાવે છે. તા.૧૬–૦૯–૨૦૨૫ ના રોજ તેઓ બધા તથા પી.આઇ.શ્રી એમ.એફ.ડામોર તથા પો.કો. મંગલસિંગ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ડામોર સાહેબ નાઓને અંગત બાતમીદાર થકી બાતમી મળેલી કે, એક ઈસમ શંકાસ્પદ હાલતમાં મીણીયા થેલામાં સુટકેશ જેવુ ભરી ચોરીનો મુદ્દામાલ લઈ ઉભેલ છે

અને તેણે શરીરે મરૂન કલરની ટીશર્ટ તથા વાદળી કલરની નાઈટી પહેરેલ છે અને છોટાઉદેપુર ટ્રેનમાં બેસવા માટે ઉભો છે. જેથી નજીકમાંથી બે પંચોના માણસો રણજીતભાઈ વિઠ્ઠલભાઈ તથા સંજયભાઈ કંદુભાઈનાઓને બોલાવી બાતમી હકિકતથી વાકેફ કરી, બાતમી હકિકતવાળી જગ્યાએ ગયેલા અને બામતીવાળા ઈસમનુ પંચો રુબરુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ મનિશભાઈ ઉર્ફે ગુડ્ડુ મોહનભાઈ ગુપ્તા રહે. વોર્ડ નં.૭, ગોલવાર ટોલા મોહલ્લા પોસ્ટ, તા. મુહમ્દાબાદ ગોહના, જી. મહુ (યુ.પી.) નુ હોવાનુ જણાવેલુ. સદર ઈસમ પાસે એક મિણિયા થેલો મળી આવતા તે ખોલી તેઓ પંચો રુબરુ જોતા તેમાંથી પાંચના દરના બે બંડલ એક બંડલમાં ૫૦,૦૦૦/- લેખે ૧,૦૦,૦૦૦/- રુ. તેમજ સેમસંગ કંપની એમ-૩૬ મોબાઈલ તથા એક સેમસંગ કંપનીનો કાળા કલરનો ગેલેક્સી એમ-૧૪ મોબાઈલ તથા એક રેડમી કંપનીનો વાદળી મોબાઈલ તથા એક વિવો કંપનીનો પર્પલ કલરનો મોબાઈલ તેમજ તેના અંગ જડતી કરતા રૂા.૧૨૫૦/- ની જુદી-જુદી નોટો તથા એક ગ્રે કલરની જુની સુટકેસ તથા લાઈટ બીલ તથા આધાર કાર્ડ તથા દવાખાનાની ફાઈલ મળી આવતા પંચનામાની વિગતે મળી આવેલ મોબાઈલના આઇ.એમ.ઇ.આઇ. નંબર તથા મળી આવેલ લાઈટ બીલ તથા આધાર કાર્ડ તથા દવાખાનાની ફાઈલ ઉપર જેનુ નામ હતુ તે તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે વિગતવારનુ પંચનામુ કરી કબ્જે કરવામાં આવેલુ. સદરુ ઈસમે સદરુ મુદ્દામાલ ચોરી કરેલ હોવાનુ કબુલાત કરેલી. તેમજ તેની સાથે તેના સાગરીતો પંકજ તથા ચીન્ટુ સાથે મળીને ચોરી કરેલાની કબુલાત કરેલી. આરોપીએ બોડેલીમાં એક જગ્યાએ તથા છોટાઉદેપુરમાં બે જગ્યાએ ચોરી કરેલાની તેઓ પંચો રુબરુ કબુલાત કરેલી. સદર કામે આરોપી પાસેથી મળી આવેલ રોકડ રકમ, મોબાઈલ ફોન તથા સુટકેશ ચોરી કરેલી હોવાનુ ખાતરી કરતા B.N.S.S. ની કલમ-૧૦૬ મુજબ ૧૬-૪૫ થી ૧૮-૦૦ કલાકનુ પંચનામાની વિગતે વિગતવારનું પંચનામું કરી મુદ્દામાલ કબજે લેવામાં આવેલો. આ બનાવ સંબંધે ત.ક.અમલદારે તેઓના નિવેદનો લીધેલા.

બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદો એ વાતનો સ્વીકાર કરે છે કે, પેટ્રોલીંગમાં જતા પહેલા સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરેલી નહી. તેઓના સાહેબને ખાનગી રાહે બાતમી કોણે આપેલી તેની તેઓ ને ખબર નથી. પંચોને ટેલીફોનીક જાણ કરી બોલાવેલા. પંચોને બોલાવી પ્રાથમિક પંચનામું કરેલુ નહી.

**<u>રીકંટ્રકશન પંચનામાના પંચસાહેદનો પુરાવો</u>**

(૮.૪) **આંક–૧૯** વાળા **રીકંટ્રકશન પંચનામા**ના **પંચસાહેદ દુરસીંગભાઈ અનુભાઈ રાઠવા** ને ફરીયાદપક્ષે **આંક–૧૮** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે આજથી એક વર્ષ પહેલા તેઓને રંગપુર પો.સ્ટે. બોલાવેલા. તે વખતે પોલીસે તેઓને સમજ કરેલી કે રંગપુર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૦૪૫૫/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ–૩૦૫, ૩૩૧(૪) ગુનાના કામે આરોપી રંગપુર પો.સ્ટે. ના લોક અપમાં હોય પોલીસે તેને બહાર કાઢેલો અને તે આરોપી કઈ જગ્યાએ ચોરી કરેલી તે બતાવવા માંગતો હોય તેઓ પંચોને પંચમા રહેવા સમજ કરેલી અને તે વખતે બીજા પંચ તરીકે અરવિંદભાઈ રાઠવા તેઓની સાથે હતા અને તે વખતે આરોપીનુ તેઓ પંચો રુબરુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ મનિષભાઈ હોવાનુ જણાવેલુ. અને તેણે ધમોડી તથા સુરેખેડા ગામે ચોરી કરેલ છે અને તે જગ્યા પોતે સ્વખુશી બતાવવા માંગે છે તેમ જણાવતા આરોપી તથા આ પંચોની તથા પોલીસના માણસોની અંગજડતી કરતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલી નહી. ત્યારબાદ આ પંચો તથા આરોપી તથા પોલીસના માણસો પોલીસની બોલેરો ગાડીમા બેસી જવા નીકળેલા અને તે પહેલા પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલુ. જેમાં આ પંચોની સહી લેવામાં આવેલી જે સહી તેઓ ઓળખે છે. ત્યારબાદ આરોપીના બતાવ્યા પ્રમાણે ગાડીમા બેસી ધમોડી ગામે પહોંચેલા અને તેણે જે ઘર પાસે ચોરી કરેલી તે ઘર પાસે લઈ ગયેલા અને તે ઘરમાં

દિવાલ ઉપર લટકતા એક પેન્ટમાંથી રુ.૧૧૦૦/– ચોરી કરેલાનુ જણાવેલુ. ત્યારબાદ સુરખેડા ગામે સીમ નજીક આવેલા અને ત્યા એક મકાન માંથી ખાટલા ઉપર સુતેલા માણસ પાસેથી એક એન્ડ્રોઈડ ફોન તથા રસોડા માંથી સુટકેસમાં રોકડ રુપીયા ચોરી કરેલ હોવાનું જણાવેલુ. અને તે અંગેનુ આરોપીએ જે જે જગ્યાએ ચોરી કરેલી તે જગ્યા બતાવતા પોલીસે પંચનામુ તૈયાર કરેલુ. અને ત્યારબાદ તેઓએ પંચનામમાં સહી કરેલી. તેઓને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બંને પાન ઉપર તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. જે વ્યક્તિએ ચોરી કર્યા અંગેની હકીકત બતાવેલી તે વ્યક્તિને તેઓ ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે**, ગાડીમાંથી ઉતરીને પહેલા આગળ પોલીસ વાળા ચાલતા હતા તે પછી આરોપી અને પછી તેઓ ચાલતા હતા. જે જગ્યાએ ચોરી થઈ તે જગ્યાની પોલીસને ફરીયાદ મળી ગયેલી. ચોરી થયેલી હોય જેથી પોલીસ અગાઉ પણ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા ગયેલી હોવાનું તેઓએ જાણેલું.** તેઓએ આરોપીને પંચનામું કર્યુ તે દિવસ પહેલા કયારેય જોયેલા નહી. ત્યારબાદ આરોપીને તેઓએ આજે જ જોયેલ. પોલીસે તેઓને આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલી નહી. રંગપુર પો.સ્ટે. થી તેઓનું ગામ એકાદ કી.મી. દુર છે. પોલીસ સ્ટેશનની આજુબાજુ ઘણા મકાનો છે અને લોકો રહે છે. પંચનામું કરવાનુ હોય આ પંચસાહેદોને તેઓના બનેવીને ત્યાં ચોરી થયેલી હોય જેથી તેઓ બોલાવા આવેલા. પોલીસ વાળાએ પો.સ્ટે. માં એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

રીકંટ્રકશન પંચનામાના બીજા પંચસાહેદને ફરીયાદપક્ષે ડ્રોપ કરેલ હોય તપાસેલા નથી.

(૮.૫) ફરીયાદપક્ષે **આંક–૨૪** થી **સાહેદ નિતેષભાઈ સુમલાભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ તથા તેઓના પિતા તથા તેઓની માતા તથા તેઓનો ભાઈ તથા ભાભી એ રીતના ઘરે હાજર હતા અને રાતે જમીપરવારીને સુઈ ગયેલા. અને ઘરનો દરવાજો બંદ રાખેલો અને બીજા દીવસે સવારે ઉઠીને દાંતણ પાણી કરતા હતા. ત્યારે તેઓ તેઓનો ફોન શોધખોળ કરતા ફોન નહી મળતા તેઓની ભાભીના ફોનથી ફોન કરતા તેઓના ફોન પર રીંગ જતી હતી પરંતુ ફોન મળતો ન હતો. જેથી રસોડાના ભાગે જતા ત્યા ઘરમાં એક સુટકેસ મુકેલી હતી જે જોવા મળેલી નહી. જે સુટકેસમાં તેઓએ એક ખેતર વેંચાતુ રાખેલુ હોય તેના એક લાખ રુપીયા ખેતર વાળાને આપવાના હોવાથી બે મહીના અગાઉ છોટાઉદેપુર પ્રાઈમ બેંક માંથી લોન લીધેલી. પરંતુ સોદો કેન્સલ થતા આ રુપીયા બેગમાં મુકેલા હતા. જે સુટકેસ મળી આવેલી નહી અને તેઓના પિતાનુ પેન્ટ રસોડામાં ટાંગેલુ હતુ તે પેન્ટના ખિસ્સા માંથી એમ.આઇ.૧૪ મોબાઈલ પણ મળી આવેલો નહી. જેથી તેઓના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય ચોરી થયાની શંકા જતા તેઓએ આજુબાજુ તથા સગા સંબંધીમાં તપાસ કરેલી પરંતુ ચોરાયેલ મુદ્દામાલ મળી આવેલ નહી. જેથી તેઓના ભાઈનો સેમસંગ કંપની એમ.૩૬ મોબાઈલ તથા તેઓના પિતાનો એમ.આઇ.૧૪ તથા રુ.૧,૦૦,૦૦૦/– રોકડા પાંચસો ના દરની બે બંડલ હતા જે ચોરાઈ ગયેલા હોય. બનાવની ફરીયાદ તેઓના ભાઈએ આપેલી. પોલીસે બનાવ સંબંધે તેઓનું નિવેદન લીધેલુ. તેઓનો ચોરીમાં ગયેલ મુદ્દામાલ પોલીસે કબજે કરેલ હોય. પોલીસે તેઓને જાણ કરતા તેઓએ આ મુદ્દામાલ અરજી કરી નામદાર કોર્ટ માંથી છોડાવી લીધેલ છે જે હાલ તેઓની પાસે છે. ફરીયાદ આપ્યા બાદ ચોર પકડાયેલ હોય તેને રી–કન્ટ્રકસન કરવા પોલીસ તેઓના ઘરે લાવેલી હોય તે વખતે ચોરને તેઓએ જોયેલો.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ

એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. અજાણ્યા ઈસમે ચોરી કરેલી. આરોપીની કોઈ ઓળખ પરેડ પોલીસે કરેલી નહી. પોલીસે તેઓને હાલનો આરોપી ચોર છે તેવું જણાવતા તેઓને ખબર પડેલી. પોલીસે હાલના આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવતા તેઓ ને ખબર પડેલી. પોલીસે તેઓની હાજરીમાં મુદામાલ કબજે કરેલ નહી.

(૮.૬) ફરીયાદપક્ષે **આંક–૨૫** થી **સાહેદ સુમલાભાઈ મનાભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ તથા તેઓની પત્ની તથા તેઓના બંને દીકરા ઓ તથા તેઓના દીકરાની પત્ની એ રીતના ઘરે હાજર હતા. અને રાતે જમી પરવારીને સુઈ ગયેલા. અને ઘરનો દરવાજો બંદ રાખેલો અને બીજા દીવસે સવારે ઉઠીને દાંતણ પાણી કરતા હતા. ત્યારે નિતેષભાઈ તેનો ફોન શોધખોળ કરતા ફોન નહી મળતા તેઓના દીકરાની પત્નીના ફોનથી ફોન કરતા ફોન પર રીંગ જતી હતી પરંતુ ફોન મળતો ન હતો. જેથી રસોડાના ભાગે જતા ત્યા ઘરમાં એક સુટકેસ મુકેલી હતી જે જોવા મળેલી નહી. જે સુટકેસમાં તેઓએ એક ખેતર વેંચાતુ રાખેલુ હોય તેના એક લાખ રુપીયા ખેતર વાળાને આપવાના હોવાથી બે મહીના અગાઉ છોટાઉદેપુર પ્રાઈમ બેંક માંથી લોન લીધેલી. પરંતુ સોદો કેન્સલ થતા આ રુપીયા બેગમાં મુકેલા હતા. જે સુટકેસ મળી આવેલી નહી અને તેઓનું પેન્ટ રસોડામાં ટાંગેલુ હતુ તે પેન્ટના ખિસ્સા માંથી એમ.આઇ.૧૪ મોબાઈલ પણ મળી આવેલો નહી. જેથી તેઓના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય ચોરી થયાની શંકા જતા તેઓએ આજુબાજુ તથા સગા સંબંધીમાં તપાસ કરેલી પરંતુ ચોરાયેલ મુદ્દામાલ મળી આવેલ નહી. જેથી તેઓના છોકરાના સેમસંગ કંપની એમ.૩૬ મોબાઈલ તથા તેઓનો એમ.આઇ.૧૪ તથા રુ.૧,૦૦,૦૦૦/– રોકડા પાંચસો ના દર ના બે બંડલ હતા જે ચોરાઈ ગયેલા હોય. બનાવની ફરીયાદ તેઓ ના દીકરા સચીનએ આપેલી. પોલીસે બનાવ સંબંધે તેઓનું નિવેદન લીધેલુ. તેઓ નો ચોરીમાં

ગયેલ મુદ્દામાલ પોલીસે કબજે કરેલ હોય પોલીસે તેઓ ને જાણ કરતા તેઓએ આ મુદ્દામાલ અરજી કરી નામદાર કોર્ટ માંથી છોડાવી લીધેલ છે જે હાલ તેઓની પાસે છે. ફરીયાદ આપ્યા બાદ ચોર પકડાયેલ હોય તેને રી–કન્ટ્રકસન કરવા પોલીસ તેઓના ઘરે લાવેલી હોય તે વખતે ચોરને તેઓ એ જોયેલો.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. અજાણ્યા ઈસમે ચોરી કરેલી. આરોપીની કોઈ ઓળખ પરેડ પોલીસે કરેલી નહી. પોલીસે તેઓને હાલનો આરોપી ચોર છે તેવું જણાવતા તેઓને ખબર પડેલી. પોલીસે હાલના આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવતા તેઓ ને ખબર પડેલી. પોલીસે તેઓની હાજરીમાં મુદામાલ કબજે કરેલ નહી.

(૮.૭) ફરીયાદપક્ષે **આંક–૨૬** થી **સાહેદ મિસલીબેન સુમલાભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેણીએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ તેણી તથા તેણીના પતિ તથા તેણીના બંને દીકરાઓ તથા તેણીના દીકરાની પત્ની એ રીતના ઘરે હાજર હતા. અને રાતે જમી પરવારીને સુઈ ગયેલા. અને ઘરનો દરવાજો બંદ રાખેલો અને બીજા દીવસે સવારે ઉઠીને દાંતણ પાણી કરતા હતા. ત્યારે નિતેષભાઈ તેનો ફોન શોધખોળ કરતા ફોન નહી મળતા. તેણીના દીકરાની પત્નીના ફોનથી ફોન કરતા ફોન પર રીંગ જતી હતી પરંતુ ફોન મળતો ન હતો. જેથી રસોડાના ભાગે જતા ત્યા ઘરમાં એક સુટકેસ મુકેલી હતી જે જોવા મળેલી નહી. જે સુટકેસમાં તેણીએ એક ખેતર વેંચાતુ રાખેલુ હોય તેના એક લાખ રુપીયા ખેતર વાળાને આપવાના હોવાથી બે મહીના અગાઉ છોટાઉદેપુર પ્રાઈમ બેંક માંથી લોન લીધેલી. પરંતુ સોદો કેન્સલ થતા આ રુપીયા બેગમાં મુકેલા હતા. જે સુટકેસ મળી આવેલી નહી અને તેણીના પતિનુ પેન્ટ

રસોડામાં ટાંગેલુ હતું. તે પેન્ટના ખિસ્સા માંથી એમ.આઇ.૧૪ મોબાઈલ પણ મળી આવેલો નહી. જેથી તેણીના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય ચોરી થયાની શંકા જતા તેણીએ આજુબાજુ તથા સગા સંબંધીમાં તપાસ કરેલી પરંતુ ચોરાયેલ મુદ્દામાલ મળી આવેલ નહી. જેથી તેણીના છોકરાના સેમસંગ કંપની એમ.૩૬ મોબાઈલ તથા તેણીના પતિનો એમ.આઇ.૧૪ તથા રૂ. ૧,૦૦,૦૦૦/– રોકડા પાંચસો ના દરની બે બંડલ હતા જે ચોરાઈ ગયેલા હોય. બનાવની ફરીયાદ તેણીના દીકરા સચીનએ આપેલી. પોલીસે બનાવ સંબંધે તેણીનું નિવેદન લીધેલુ. તેણીનો ચોરીમાં ગયેલ મુદ્દામાલ પોલીસે કબજે કરેલ હોય પોલીસે તેણીને જાણ કરતા તેઓએ આ મુદ્દામાલ અરજી કરી નામદાર કોર્ટ માંથી છોડાવી લીધેલ છે જે હાલ તેઓની પાસે છે. ફરીયાદ આપ્યા બાદ ચોર પકડાયેલ હોય. તેને રી–કન્ટ્રકસન કરવા પોલીસ તેણીના ઘરે લાવેલી હોય તે વખતે ચોરને તેણીએ જોયેલો.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. અજાણ્યા ઈસમે ચોરી કરેલી. આરોપીની કોઈ ઓળખ પરેડ પોલીસે કરેલી નહી. પોલીસે તેણીને હાલનો આરોપી ચોર છે તેવું જણાવતા તેણીને ખબર પડેલી. પોલીસે હાલના આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવતા તેણી ને ખબર પડેલી. પોલીસે તેણીની હાજરીમાં મુદામાલ કબજે કરેલ નહી.

(૮.૮) ફરીયાદપક્ષે **આંક–ર૭** થી **સાહેદ જશવંતસિંહ અર્જુનભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧ર/૦૯/ર૦ર૫ ના રોજ તેઓ પોતાના ઘરે હાજર હતા. ત્યારે તેઓના કુંટુંબી સચીનભાઈનો તેઓની પર ફોન આવેલો અને જણાવેલ કે, ''ગઈકાલ રાત્રીના જમી પરવારી આશરે નવેક વાગ્યાના સુમારે તેમના માત–પિતા તથા તેમનો ભાઈ નિતેષભાઈ તથા તે અને તેમની પત્ની ઘરમાં

સુઈ રહેલા હતા. અને ઘરનો દરવાજો બંદ રાખેલો અને બીજા દીવસે સવારે ઉઠીને દાંતણ પાણી કરતા હતા. ત્યારે તેમનો ભાઈ નિતેષભાઈ તેનો ફોન શોધખોળ કરતા તેનો ફોન નહી મળતા તેમની પત્નીના ફોનથી ફોન કરતા તેમના ભાઈના ફોન પર રીંગ જતી હતી પરંતુ ફોન મળતો ન હતો. જેથી રસોડાના ભાગે જતા ત્યા ઘરમાં એક સુટકેસ મુકેલી હતી જે જોવા મળેલી નહી. જે સુટકેસમાં તેમને એક ખેતર વેંચાતુ રાખેલુ હોય તેના એક લાખ રુપીયા ખેતર વાળાને આપવાના હોવાથી બે મહીના અગાઉ છોટાઉદેપુર પ્રાઈમ બેંક માંથી લોન લીધેલી. પરંતુ સોદો કેન્સલ થતા આ રુપીયા બેગમાં મુકેલા હતા. જે સુટકેસ મળી આવેલી નહી અને તેમના પિતાનુ પેન્ટ રસોડામાં ટાંગેલુ હતુ તે પેન્ટના ખિસ્સામાંથી એમ.આઇ.૧૪ મોબાઈલ પણ મળી આવેલો નહી. જેથી તેમના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય ચોરી થયાની શંકા જતા તેમને આજુબાજુ તથા સગા સંબંધીમાં તપાસ કરેલી પરંતુ ચોરાયેલ મુદ્દામાલ મળી આવેલ નહી. જેથી તેમના ભાઈનો સેમસંગ કંપની એમ.૩૬ મોબાઈલ તથા તેમના પિતાનો એમ.આઇ.૧૪ તથા રુ. ૧,૦૦,૦૦૦/– રોકડા પાંચસો ના દરની બે બંડલ હતા જે ચોરાઈ ગયેલી" તેવી વાત કરેલી. જેથી તેઓ તેમના ઘરે ગયેલા. અને આ ચોરી થયેલ મુદ્દામાલ બાબતે આજુબાજુમાં તપાસ કરેલી અને તે વખતે તેઓને વાતોવાતથી જાણવા મળેલ કે બાબુભાઈ ભાયાભાઈ રાઠવા ના ઘરે પણ ચોરી થયેલી. આ બનાવ સંબંધે પોલીસે તેઓનું નિવેદન લીધેલુ.

બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, **બનાવ સમયે તેઓ ઘરે હોય જેથી બનાવ અંગે તેઓને કોઈ જાત માહિતી નથી પરંતુ તેઓએ વાતોવાતથી જાણેલુ.**

(૮.૯) ફરીયાદપક્ષે **આંક–૨૮** થી **સાહેદ ઉર્વશીબેન સચીનભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેણીએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે તેણી અને તેણીના પતિ ઘરમાં સુઈ રહેલા હતા અને ઘરનો દરવાજો બંદ રાખેલો. અને

બીજા દીવસે સવારે ઉઠીને દાંતણ પાણી કરતા હતા. ત્યારે તેણીના દિયર નિતેષભાઈ તેનો ફોન શોધખોળ કરતા તેનો ફોન નહી મળતા તેણીના ફોનથી ફોન કરતા તેણીના દિયરના ફોન પર રીંગ જતી હતી પરંતુ ફોન મળતો ન હતો. જેથી રસોડાના ભાગે જતા ત્યા ઘરમાં એક સુટકેસ મુકેલી હતી જે જોવા મળેલી નહી. જે સુટકેસમાં તેણીએ એક ખેતર વેંચાતુ રાખેલુ હોય તેના એક લાખ રુપીયા ખેતર વાળાને આપવાના હોવાથી બે મહીના અગાઉ છોટાઉદેપુર પ્રાઈમ બેંક માંથી લોન લીધેલી. પરંતુ સોદો કેન્સલ થતા આ રુપીયા બેગમાં મુકેલા હતા. જે સુટકેસ મળી આવેલી નહી અને તેણીના સસરાનુ પેન્ટ રસોડામાં ટાંગેલુ હતું. તે પેન્ટના ખિસ્સા માંથી એમ.આઇ.૧૪ મોબાઈલ પણ મળી આવેલો નહી. જેથી તેણીના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય ચોરી થયાની શંકા જતા તેણીએ આજુબાજુ તથા સગા સંબંધી માં તપાસ કરેલી પરંતુ ચોરાયેલ મુદ્ધામાલ મળી આવેલ નહી. જેથી તેણીના દિયર નો સેમસંગ કંપની એમ.૩૬ મોબાઈલ તથા તેણીના સસરાનો એમ.આઇ.૧૪ તથા રુ. ૧,૦૦,૦૦૦/– રોકડા પાંચસો ના દરની બે બંડલ હતા જે ચોરાઈ ગયેલી હોય. જેથી બનાવની તેણીના પતિએ ફરીયાદ આપેલી. તેઓનો ચોરીમાં ગયેલ મુદ્ધામાલ પોલીસે કબજે કરેલ હોય પોલીસે તેઓને જાણ કરતા તેઓએ આ મુદ્ધામાલ અરજી કરી નામદાર કોર્ટ માંથી છોડાવી લીધેલ છે જે હાલ તેઓની પાસે છે. ફરીયાદ આપ્યા બાદ ચોર પકડાયેલ હોય તેને રી–કન્ટ્રકસન કરવા પોલીસ તેઓના ઘરે લાવેલી હોય તે વખતે ચોરને તેણીએ જોયેલો.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. અજાણ્યા ઈસમે ચોરી કરેલી. આરોપીની કોઈ ઓળખ પરેડ પોલીસે કરેલી નહી. પોલીસે તેણીને હાલનો આરોપી ચોર છે તેવું જણાવતા તેણીને ખબર પડેલી. પોલીસે હાલના આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવતા તેણી ને ખબર પડેલી. પોલીસે તેણીની હાજરીમાં મુદામાલ

કબજે કરેલ નહી.

(૮.૧૦) ફરિયાદ પક્ષે **આંક-૨૯** થી **સાહેદ બાબુભાઈ ભાયાભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે તેઓ તથા તેઓની પત્ની તેઓના ઘરમાં સુઈ ગયેલા. અને તેઓના પિતા ભાયાભાઈ તથા તેઓની માતા રેશલીબેન તેઓના ઘરની આગળ સુઈ ગયેલા હતા. અને બીજા દીવસે સવારે ઉઠી તૈયાર થતા હતા તે વખતે તેઓનો વિવો કંપનીનો ફોન ઘરની બહાર ચાર્જીંગ માટે મુકેલ હતો તે મળી આવેલ નહી. જેથી તેઓની પત્ની તથા તેઓના માતા-પિતાને તેઓએ જાણ કરેલી. અને ઘરમાં શોધતા મોબાઈલ મળી આવેલ નહી. અને તેઓએ તેઓના ભાઈના ફોનથી પોતાના ફોન પર ફોન કરતા સ્વીચઓફ થઈ ગયેલ હતો. અને ઘરમાં ઓરડામાં તેઓનું પેન્ટ લટકાવેલ હોય જેમાં રૂ.૧૧૦૦/- મુકેલા હતા તે પણ મળી આવેલા નહી. જેથી તેઓનો વિવો કંપનીનો ફોન તથા રૂ.૧૧૦૦/- કોઈ ચોરી કરી ગયેલ હોવાનુ જણાઈ આવેલુ. અને તેઓએ વાતો વાતથી એવુ પણ જાણેલુ કે સુરખેડા ગામના સચીનભાઈના ઘરથી રૂ.૧,૦૦,૦૦૦/- તથા બે મોબાઈલ ચોરી થયેલી. આ ચોરી અંગે ફરીયાદ થતા પોલીસે તેઓનું નિવેદન લીધેલુ. તે સિવાય તેઓ કઈ જાણતો નથી. રાજુભાઈ ભાયાભાઈ તેઓનો ભાઈ થાય છે જે બીજા મહીનામાં ગુજરી ગયેલ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. તેઓ સુતા હોય કોણે ચોરી કરેલ હોય જેની તેઓને આજદીન સુધી ખબર પડેલ નહી.

(૮.૧૧) ફરિયાદ પક્ષે **આંક-૩૦** થી **સાહેદ ભાયાભાઈ કટુભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે તેઓ તથા તેઓની પત્ની તેઓના ઘરની બહાર પડારમાં સુઈ ગયેલા હતા. અને તેઓનો દિકરો તથા

તેની વહુ ઘરમાં સુતા હતા. અને બીજા દીવસે તેઓનો દિકરો કામે જવા તૈયાર થતો હતો તે વખતે તેનો વિવો કંપનીનો ફોન ઘરની બહાર પડાળમાં ચાર્જીંગ માટે મુકેલ હતો તે મળી આવેલ નહી. જેથી તેણે તેની પત્ની તથા તેઓને જાણ કરેલી. અને ઘરમાં શોધતા મોબાઈલ મળી આવેલ નહી. જેથી રાજુના ફોનથી તેના ફોન પર ફોન કરતા સ્વીચઓફ થઈ ગયેલ હતો. અને ઘરમાં ઓરડામાં તેનુ પેન્ટ લટકાવેલ હોય જેમાં રૂ.૧૧૦૦/– મુકેલા હતા તે પણ મળી આવેલા નહી. જેથી તેનો વિવો કંપનીનો ફોન તથા રૂ.૧૧૦૦/– કોઈ ચોરી કરી ગયેલ હોવાનુ જણાઈ આવેલુ. અને તેઓએ વાતોવાતથી એવુ પણ જાણેલુ કે સુરખેડા ગામના સચીનભાઈના ઘરથી રૂ.૧,૦૦,૦૦૦/– તથા બે મોબાઈલ ચોરી થયેલી. આ ચોરી અંગે ફરીયાદ થતા પોલીસે તેઓનું નિવેદન લીધેલ. તે સિવાય તેઓ કઈ જાણતો નથી. રાજુભાઈ ભાયાભાઈ તેઓનો દિકરો થાય છે જે બીજા મહીનામાં ગુજરી ગયેલ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. તેઓ સુતા હોય કોણે ચોરી કરેલ હોય જેની તેઓને આજદીન સુધી ખબર પડેલ નહી.

(૮.૧૨) ફરિયાદ પક્ષે **આંક–૩૧** થી **સાહેદ રેશલીબેન ભાયાભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેણીએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે તેણી તથા તેણીના પતિ તેણીના ઘરની બહાર પડારમાં સુઈ ગયેલા હતા. અને તેણીનો દિકરો તથા તેની વહુ ઘરમાં સુતા હતા. અને બીજા દીવસે તેણીનો દિકરો કામે જવા તૈયાર થતો હતો. તે વખતે તેનો વિવો કંપનીનો ફોન ઘરની બહાર પડાળમાં ચાર્જીંગ માટે મુકેલ હતો તે મળી આવેલ નહી. જેથી તેણે તેની પત્ની તથા તેણીને જાણ કરેલી. અને ઘરમાં શોધતા મોબાઈલ મળી આવેલ નહી જેથી રાજુના ફોનથી તેના ફોન પર ફોન કરતા સ્વીચઓફ થઈ ગયેલ હતો. અને ઘરમાં ઓરડામાં તેનુ પેન્ટ લટકાવેલ હોય જેમાં રૂ.૧૧૦૦/–

મુકેલા હતા તે પણ મળી આવેલા નહી. જેથી તેનો વિવો કંપનીનો ફોન તથા રૂ.૧૧૦૦/– કોઈ ચોરી કરી ગયેલ હોવાનુ જણાઈ આવેલુ. અને તેણીએ વાતોવાતથી એવુ પણ જાણેલુ કે સુરેખેડા ગામના સચીનભાઈના ઘરથી રૂ. ૧,૦૦,૦૦૦/– તથા બે મોબાઈલ ચોરી થયેલી. આ ચોરી અંગે ફરીયાદ થતા પોલીસે તેણીનું નિવેદન લીધેલુ. તે સિવાય તેણી કઈ જાણતી નથી. રાજુભાઈ ભાચાભાઈ તેણીનો દિકરો થાય છે જે બીજા મહીનામાં ગુજરી ગયેલ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. તેણી સુતી હોય કોણે ચોરી કરેલ હોય જેની તેણીને આજદીન સુધી ખબર પડેલ નહી.

(૮.૧૩) ફરિયાદ પક્ષે **આંક–૩૨** થી **સાહેદ ધોળીબેન બાબુભાઈ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેણીએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે તેણી તથા તેણીના પતિ તેણીના ઘરમાં સુઈ ગયેલા. અને તેણીના સસરા ભાચાભાઈ તથા તેણીના સાસુ રેશલીબેન તેણીના ઘરની આગળ સુઈ ગયેલા હતા. અને બીજા દીવસે સવારે ઉઠી તેણીના પતિ તૈયાર થતા હતા તે વખતે તેમનો વિવો કંપનીનો ફોન ઘરની બહાર પડાળ માં ચાર્જીંગ માટે મુકેલ હતો તે મળી આવેલ નહી. જેથી તેણીને તથા તેણીના સાસુ–સસરાને તેણીના પતિએ જાણ કરેલી. અને ઘરમાં શોધતા મોબાઈલ મળી આવેલ નહી અને તેણીના દિયરના ફોનથી તેમના ફોન પર ફોન કરતા સ્વીચઓફ થઈ ગયેલ હતો. અને ઘરમાં ઓરડામાં તેણીના પતિનુ પેન્ટ લટકાવેલ હોય જેમાં રૂ.૧૧૦૦/– મુકેલા હતા તે પણ મળી આવેલા નહી. જેથી તેમનો વિવો કંપની નો ફોન તથા રૂ.૧૧૦૦/– કોઈ ચોરી કરી ગયેલ હોવાનુ જણાઈ આવેલુ. અને તેણીએ વાતોવાતથી એવુ પણ જાણેલુ કે સુરેખેડા ગામના સચીનભાઈના ઘરથી રૂ.૧,૦૦,૦૦૦/– તથા બે મોબાઈલ ચોરી થયેલી. આ ચોરી અંગે ફરીયાદ થતા પોલીસે તેણીનું

નિવેદન લીધેલુ. તે સિવાય તેણી કઈ જાણતી નથી. રાજુભાઈ ભાયાભાઈ તેણીના દિયર થાય છે જે બીજા મહીનામાં ગુજરી ગયેલ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. તેણી સુતી હોય કોણે ચોરી કરેલ હોય જેની તેણીને આજદીન સુધી ખબર પડેલ નહી.

(૮.૧૪) ફરિયાદ પક્ષે **આંક-૩૬ થી ત.ક.અ. તખતસિંહ ફતેસિંહ રાઠવા** ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, હાલ તેઓ રંગપુર પોલીસ સ્ટેશન, છોટાઉદેપુરમાં ફરજ બજાવે છે. સને ૨૦૨૫માં તેઓ રંગપુર પો.સ્ટે.માં ફરજ પર હતા. તે દરમ્યાન રંગપુર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૦૪૫૫/૨૦૨૫ ના કામે B.N.S. ની કલમ -૩૦૫, ૩૩૧(૪) મુજબના ગુનાની તપાસ અગાઉ પી.એસ.આઇ.શ્રી એસ.વી. રાજેશીકે નાઓ સંભાળતા હોય તેમણે સદર કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ હોય તેમજ સાહેદ બાબુભાઈ, સાહેદ જશવંતસિંહ, સાહેદ રાજુભાઈ, સાહેદ ઉર્વશીબેન, સાહેદ સુમલાભાઈ, સાહેદ મેશલીબેન, સાહેદ મિતેષ ભાઇ, સાહેદ ભાયાભાઇ, સાહેદ વેસલીબેન, સાહેદ ધોળીબેન તથા સાહેદ ઉપેન્દ્રસિંહ, સાહેદ વર્જેશકુમાર, સાહેદ સાજનભાઇ, સાહેદ ભરતભાઈ, સાહેદ મેહુલકુમાર, સાહેદ મંગલસિંગ, સાહેદ અશ્વીનભાઈ, સાહેદ અનિલ કુમાર વિગેરે ના નિવેદનો સાથે આરોપી મનીષભાઈને નામદાર કોર્ટમાં રજુ કરી રિમાંડ મેળવેલા હોય તે દરમ્યાન પી.એસ.આઇ. શ્રી એસ.વી. રાજેશીકે રજા પર જતા સદર ગુનાની તપાસ તેઓને સોંપેલ. જેથી ફરીયાદ તથા ગુના વાળી જગ્યાનુ પંચનામુ, તથા સાહેદોના નિવેદેનો વંચાણે લીધેલા. તથા આરોપીને હાજર રાખી તેના બતાવ્યા પ્રમાણે ગુનાવાળી જગ્યાનુ રિ-કસ્ટ્રકશન પંચનામુ તેઓએ કરેલુ. તેમજ તપાસના કામે આરોપી નુ નિવેદન પણ નોંધેલુ. ત્યારબાદ પી.એસ.આઇ. રાજેશીકે સાહેબ રજા પરથી પરત આવતા આગળની તપાસ તેમને સોંપેલી. સદર કામે પોલીસ પેપર્સ જોતા ત્યારબાદ પી.એસ.આઇ. શ્રી રાજેશીકે સાહેબનાઓએ સદર કામે

પુરતા પુરાવા જણાતા હાલની ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરેલ.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, પેટ્રોલીંગમાં જતા પહેલા સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરેલી નહી. પંચોને બોલાવી પ્રાથમિક પંચનામું કરેલુ નહી.

(૯) **પુરાવાનુ મુલ્યાંકન :–**

**પુરાવા અધિનીયમની શરૂઆતી ચર્ચા**

આ કેસ ની મુદૃાઓ સાથે સંકળાયેલી હકીકતો સાબીત થઈ છે કે કેમ તે અંગે પુરાવાનુ વિશ્લેષણ અને મૂલ્યાંકન શરૂ કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનીયમના કેટલાક સિધ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાનમાં રાખવી અતિઆવશ્યક છે. સૌપ્રથમ કઈ બાબતે પુરાવો આપી શકાય તે અંગે **ભારતીય પુરાવા અધિનીયમ ની કલમ–૫** જોઈએ તો...

**પુરાવો કઈ બાબતે આપી શકાય?**

5. **Evidence may be given of facts in Issue & Relevant facts-** Evidence may be given in any suit or proceeding of the Existence or Non-Existence of Every fact in Issue & of Such Other facts as are hereinafter declared to be relevant, & of No Others.

આથી પુરાવો FACT IN ISSUE માટેનો અથવા તો RELEVANT હકીકતો માટે આપી શકાય. બીજી કોઈ હકીકતો માટે આપી શકાય નહી. પુરાવો કેવો હોવો જોઈએ તે બાબતે **ભારતીય પુરાવા અધિનીયમ ની કલમ–૫૯** તથા **૬૦** જોઈએ તો.....

**SEC 59 Proof of facts by Oral Evidence-** All

Facts, except the contents of documents or Electronic records, may be proved by Oral Evidence.

**Sec 60 Oral Evidence must be direct-** Oral Evidence must, in all cases whatever, be direct; that is to say-

If it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refers to a fact which could be hard, it must be the evidence of a witness who says he heard it;

If it refers o a fact which could be perceived by any other sense or in any other manner, it must be evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion of those grounds.

(૯.૧) વળી **ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩** મુજબ દરેક હકીકત "**Proved**" "**Disproved**" "**Not Proved**" બાબતો થી સાબીત થાય છે.

(૯.૨) **<u>જજમેન્ટ નો આધાર</u>**

કોઈ પણ વિવાદનુ જજમેન્ટ શાના આધારે આપવુ જોઈએ તે બાબતે **ભારતીય પુરાવા અધિનીયમ ની કલમ ૧૬૫** ના પ્રોવાઈઝો ની જોગવાઈ ધ્યાન

પર લેવી જરુરી છે. જે મુજબ....

> **SEC 165** .... Provided that the Judgment must be based upon facts declared by this Act to be relevant, & Duly Proved:

આ જોગવાઈ મુજબ જજમેન્ટ માત્ર **Proved Relevant Facts** પર જ આધારીત હોવુ જરુરી છે. જેથી હવે પછી હકીકતો નુ મુલ્યાંકન **Fact in Issue** અને **Relevant Fact** જે પુરવાર કરવામાં આવી છે, તે માટે જ કરવામાં આવે છે. ઉપરોકત પુરાવા ધારાની જોગવાઈઓ તથા સિધ્ધાંતો ધ્યાને રાખી ફરીયાદપક્ષે ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવે છે.

**(૧૦) <u>મુદ્દા નં.૧ ની ચર્ચા</u> :-**

(૧૦.૧) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.જે.પટેલની ભારપૂર્વક એવી દલીલ છે કે, આ કામના આરોપીએ ઘરફોડ ચોરી કરેલ હોવાનું તહોમત ફરીયાદપક્ષના સાહેદોના પુરાવાથી કડીબધ્ધ રીતે પુરવાર થયેલ છે. વળી આરોપીના કબજામાંથી ચોરીનો મુદ્દામાલ ઝડપાયો છે. જેથી આરોપીએ ચોરી કરેલ હોવાનું અનુમાન કરવાની કાનૂની જોગવાઈ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે. જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી. એસ.એમ.પઠાણની ભારપૂર્વક એવી દલીલ છે કે, કોઈ પણ સાહેદે આરોપીને ચોરી કરતા જોયેલ હોય તેવો કોઈ પણ નજરે જોનાર સાહેદ નથી. વળી આરોપીના કબજામાંથી ચોરીનો મુદ્દામાલ કબજે કરેલાની હકીકત પણ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલા નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવવા દલીલ કરેલ છે.

પક્ષકારોની ઉપરોકત દલીલ સબંધે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આ સબંધે પુરાવાના કાયદાની કેટલીક જોગવાઈઓ તથા સિધ્ધાંતો ધ્યાનમાં રાખવા જરૂર છે. જે નીચે મુજબ છે.

ભારતીય ક્રિમીનલ જસ્ટીસ તથા ક્રિમીનલ જ્યુરીસપૂડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગિક પુરાવાથી સાબિત કરવાનો રહે છે. વધુમાં કોઈપણ દંડાત્મક કાનુનનું અર્થઘટન કરતી વખતે તેને ***"strictly construed"*** કરવાનું રહે છે, એટલે અદાલતે કાયદાના શબ્દો ***(litera legis)*** કરતા આગળ વધવું જોઈએ નહિ.

**Beyond reasonable doubt એટલે શું?**

ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહ્યો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે.

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહી પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાહીત કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ.

(૧૦.૨) હવે ઉપરોકત કાનૂની તથા સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષના પુરાવાનું જીણવટભરી રીતે મુલ્યાંકન કરીએ તો ફરીયાદપક્ષના ફરીયાદી સચીનભાઈ સુમલાભાઈ રાઠવા, સાહેદ નિતેષભાઈ સુમલાભાઈ રાઠવા, સુમલાભાઈ મનાભાઈ રાઠવા, મિસલીબેન સુમલાભાઈ રાઠવા તથા ઉર્વશીબેન સચીનભાઈ રાઠવા નાઓએ આંક-૦૭ થી રજુ ફરીયાદ

ને સમર્થનકારી જુબાની આપેલ છે. સદર ફરીયાદી તથા સાહેદોની સરતપાસ જોતાં ફરીયાદી તથા સાહેદના ઘરમાં ચોરી થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ ચોરી કોને કરેલી તે આ સાહેદોને ખબર ન હોવાનું સ્પષ્ટ જણાવે છે. વળી આ ફરીયાદી તથા સાહેદોની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ વાતની કબુલાત કરેલ છે કે, પોલીસે તેઓની હાજરીમાં મુદામાલ કબજે કરેલ નથી. પોલીસે તેઓને જણાવેલ હોવાથી તેઓએ આરોપી પાસેથી મુદામાલ કબજે થયેલ હોવાનું માની લીધેલ છે.

(૧૦.૩) આમ, ટુંકમા આરોપીને ઘરફોડ કરતા કે ચોરી કરતા કોઈએ જોયેલ હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી કે કોઈપણ સાહેદ આવો પુરાવો પણ આપતા નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી ચોરીના મુદામાલ સાથે ઝડપાયેલા હોવાનો આક્ષેપ છે. આ તબકકે **ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૧૯(એ)** (જુની **ભારતીય પુરાવા અધિનીયમ, ૧૮૭૨ ની કલમ–૧૧૪(એ)**) ની જોગવાઈ જોઈએ તો જેના કબજા માંથી ચોરીનો માલ મળી આવે તે વ્યકિત કાંતો ચોર છે અથવા તો ચોરીનો માલ હોવાનું જાણતો હોવા છતાં પોતાની પાસે રાખેલ હોવાનું અનુમાન કરવાની જોગવાઈ છે. પરંતુ તે માટે સૌપ્રથમ પ્રોસેકયુશને તમામ વાજબી શંકાઓથી પર રીતે એવું પુરવાર કરવુ પડે કે ચોરીનો માલ આરોપીના સભાન કબજામાંથી જ મળી આવેલ છે. હાથ ઉપરનો કેસ જોઈએ તો આંક–૧૦ થી મુદામાલ કબજે કર્યા અંગેનું પંચનામું રજુ થયેલ છે. જે પંચનામાના પંચસાહેદો રણજીતભાઈ વિઠ્ઠલભાઈ તડવી (આંક–૦૯) તથા સંજયભાઈ કંદુભાઈ રાઠવા(આંક–૧૧) નાઓ એ તેઓના સરતપાસના સોગંદનામામાં કોઈ ઈસમ પાસેથી રોકડ રકમ તથા મોબાઈલ કબજે કરવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. તેમજ સદર પંચનામા મુજબની કોઈ કાર્યવાહી તેઓની રૂબરૂ કરવામાં

આવેલ ન હોવાનું જણાવતા વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટ પરવાનગીથી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત કઢાવી શકેલા નથી. બચાવપક્ષે લેવાયેલ ઉલટ તપાસમાં પણ તેઓએ એ વાતની કબુલાત કરેલ છે કે, પંચનામામા સહી કર્યા સિવાય તેઓ બીજી કાંઈ હકીકત જાણતા નથી. આમ, સદર પંચનામાથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો મળી આવેલ નથી. આમ, આ પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષના કેસથી તદ્દન વિરૂધ્ધનો પુરાવો આપેલ છે. જો કે તે સિવાયના પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારક જુબાની ઓ આપેલ છે. પરંતુ આ તમામ સાહેદો પોલીસ કર્મચારીઓ છે. સાહેદ પોલીસ કર્મચારી હોવા માત્રથી તેમનો પુરાવો નિરર્થક કે અવિશ્વશનીય બની જતો નથી તે સિધ્ધાંત માનસહ આ કોર્ટના ધ્યાન ઉપર છે. પરંતુ પોલીસ સાહેદોને ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય તેમા રસ હોય તે સ્વાભાવિક બાબત છે. જેથી અદાલતે આ સાહેદોની જુબાનીના પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે તે સિવાયનાં રેકર્ડ ઉપર આવેલા અન્ય પુરાવાઓ તથા સંજોગોને પણ જીણવટભરી રીતે લક્ષમાં લઈ કાળજીપુર્વક પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે. હવે આ કેસનાં સંજોગો જોઈએ તો જે જગ્યાએથી આરોપીના કબજામાંથી ચોરી નો માલ કબજે લેવામાં આવેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે તે જગ્યા રેલ્વે સ્ટેશન એટલે કે પબ્લીકની અવર જવર વાળી જાહેર જગ્યા છે જે આંક–૧૦ ના પંચનામાથી રેકર્ડ પર છે. ત્યારે ત્યાં અનેક સ્વતંત્ર સાહેદો સરળતાથી ઉપલબ્ધ હોય તે તદન સામાન્ય બાબત છે. પરંતુ ત.ક.અમલદારને સરળતાથી સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોવા છતાં ત.ક.અમલદારે કોઈ પણ સ્વતંત્ર સાહેદનું નિવેદન પણ લીધેલ નથી કે પાછળથી પણ આ

કામે તપાસેલા નથી. વળી તે માટે ત.ક.અ. એ કોઈ કારણ કે ખુલાસો પણ જણાવેલ નથી. આમ, જયારે સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં ત.ક.અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન કોઈપણ કારણ વીના લીધા નથી કે કોઈ સ્વતંત્ર સાહેદનું નિવેદન લેવા પ્રયાસ કરવા છતાં સાહેદ ઈન્કાર કર્યો હોય તેવો પણ ફરીયાદપક્ષનો કેસ નથી ત્યારે આ તબકકે નામદાર સુપ્રીમ કોર્ટના **1998 (0) AIJEL-SC 25219** માં રીપોર્ટેડ ***Sans Pal Singh VS. State of Delhi*** વાળો ચુકાદો વંચાણે લેવો જરૂરી બને છે. જેમાં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

> "3. Inter alia, it has been urged by learned counsel for the appellant that it would not be safe to maintain the conviction because the recovery of the illicit did not inspire confidence, supported as it is, by the evidence of two police of officials alone un associated by the testimony of any independent witness. It has also been urged that witnesses of the public were available and neither were they associated nor was any explanation given at the trial as to why they were not associated. From the evidence of PW-5 Head constable, Sat Pal Singh, it is clear that the police party did not ask any public witness to be witness at the time of search of the accused. Like-wise, P.W.6. Sub Inspector, Mahipal Singh has also stated that no public witness was joined at the time of the search of the accused even

> though a number of persons were passing through at the time when the recovery was being effected. It is thus evident that public witnesses were available and could have been associated to witness the recovery. It would have been a different matter altogether had there been no public witness available or none was willing to associate. Here, as said before, public witnesses were available but explanation on these lines forthcoming. Thus, we got to the view that it would be unsafe to maintain the conviction of the appellant for the offences charged."

વધુમાં, નામદાર સુપ્રીમ કોર્ટના **1984 (0) AIJEL-SC 29213** માં રીપોર્ટેડ ***State Of Punjab Versus Gurnam Singh*** વાળો ચુકાદો વંચાણે લેવો જરૂરી બને છે. જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

> **2.** The High Court has taken the view. that it is unsafe to convict the appellant merely on the basis of the uncorroborated evidence pertaining to the alleged recovery of the weapon at the instance of the respondent. And that the respondent is therefore entitled to benefit of reasonable doubt. The view taken by the High Court is a plausible one. The appeal must accordingly fail and be dismissed.

(૧૦.૪) ઉપરોક્ત ચુકાદાને વંચાણે લેતાં, ફરીયાદીના પુરાવાને ફક્ત પોલીસ સાહેદોએ જ સમર્થન આપેલ છે. સ્વતંત્ર સાહેદોએ એટલે કે પંચ સાહેદોએ કોઈ સમર્થન આપેલ નથી કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો તપાસેલા નથી તે સંજોગોમાં આરોપી પાસેથી જ મુદ્ધામાલ કબ્જે કરેલ હતો કે કેમ? તે હકીકત નિઃશંકપણે સાબીત થતી હોવાનું માની શકાય તેમ નથી. આમ, ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લેતાં, જ્યારે જાહેર જગ્યા હોય અને જાહેર જનતા સાહેદ તરીકે મળી રહેવાની શક્યતા હોય, તેવા સંજોગોમાં પણ જો તેમના નિવેદનો લેવામાં ન આવે અને પંચસાહેદો પણ વિરુધ્ધનો પુરાવો આપતા હોય ત્યારે આરોપીના કબજામાંથી મુદ્દામાલ મળી આવેલાનું ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે. હાલના કેસમાં પણ ફરીયાદપક્ષના કોઈ પણ સ્વતંત્ર સાહેદની જુબાની ના સમર્થન વિનાની પોલીસ સાહેદોની જુબાનીથી પંચસાહેદો તદ્દન વિરોધાભાષી પુરાવો આપે છે. જે ફરીયાદપક્ષના કેસને વાજબી શંકાના ઘેરામાં લાવવા માટે પુરતું છે.

(૧૦.૫) વિ.એ.પી.પી.શ્રીએ ભારપૂર્વક એવી પણ દલીલ કરેલ છે કે, આરોપીનું રીકંટ્ટકશન પંચનામું કરવામાં આવેલું. જેમાં આરોપી એ પોતે ચોરી કરેલ જગ્યા બતાવી છે અને તે અંગે આરોપીએ આ કામના સાહેદની હાજરીમાં કબુલાત કરેલ છે. જે અંગે સાહેદોએ પણ પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે. જેથી ભારતીય પુરાવા ધારા, ૧૮૭૨ ની કલમ–૨૭ મુજબ આ હકીકત પુરાવામાં એડમિશીબલ હોય આરોપી સામેનો કેસ પુરવાર થયેલ હોવાનું માનવું જોઈએ. જયારે સામાપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.એમ.પઠાણની બચાવ પક્ષે એવી દલીલ છે કે, રીકંટ્ટકશન પંચનામા સમયે આરોપી પોલીસ કસ્ટડીમાં હતો. જેથી જો સાહેદ રૂબરૂ આરોપીએ કોઈ કબુલાત કરેલ

હોવાનું માની લેવામાં આવે તો પણ આવી કબુલાત ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરવાર કરી શકાય નહી. પક્ષકારોની આ દલીલ સબંધે ચર્ચા કરીએ તો, અહીં ખાસ નોંધવાનું કે **ભારતીય પુરાવા ધારા, ૧૮૭૨ ની કલમ–૨૭** ને આ કાયદાની **કલમ–૨૫** અને **કલમ–૨૬** ના સંદર્ભમાં જોવાની રહે છે. **ભારતીય પુરાવા ધારાની કલમ–૨૫** ની જોગવાઈ આરોપીની પોલીસ સમક્ષની કબુલાતને નિરર્થક બનાવે છે. જ્યારે **કલમ–૨૬** ની જોગવાઈ આરોપીની મેજીસ્ટ્રેટ સમક્ષની હોય તે સિવાય પોલીસ કસ્ટડી દરમિયાનની કબુલાતને નિરર્થક બનાવે છે. કલમ–૨૭ કે જે કલમ–૨૫ અને કલમ–૨૬ ના અપવાદરૂપ છે, તે નીચે મુજબ છે.

> **27: How much of information received from accused may be proved:** Provided that, when haany fact is deposed to as discovered in consequence of information received from a person accused of any offence, in the custody of a police-officer, so much of such information, whether it amounts to a confession or not, as relates distinctly to the fact thereby discovered, may be proved.

(૧૦.૬) આમ, ભારતીય પુરાવા ધારાની કલમ–૨૭ તે કલમ–૨૫ અને કલમ–૨૬ નો અપવાદ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2024 SC 460** મા રીપોર્ટેડ ***Perumal Raja @ Perumal vs.***

***State Rep. by the Inspector of Police*** ના ચુકાદા માં નામદાર સર્વોચ્ચ અદાલતે અવલોકન કરેલ છે કે,

> 19. The prosecution's case, in the absence of eye witnesses, is based upon circumstantial evidence. As per Section 25 of the Indian Evidence Act,1872, a confession made to a police officer is prohibited and cannot be admitted in evidence. Section 26 of the Evidence Act provides that no confession made by any person whilst he is in the custody of a police officer shall be proved against such person, unless it is made in the immediate presence of a Magistrate. Section 27 of the Evidence Act is an exception to Sections 25 and 26 of the Evidence Act. It makes that part of the statement which distinctly leads to discovery of a fact in consequence of the information received from a person accused of an offence, to the extent it distinctly relates to the fact thereby discovered, admissible in evidence against the accused. **The fact which is discovered as a consequence of the information given is admissible in evidence. Further, the fact discovered must lead to recovery of a**

> **physical object and only that information which distinctly relates to that discovery can be proved.** Section 27 of the Evidence Act is based on the doctrine of confirmation by subsequent events- a fact is actually discovered in consequence of the information given, which results in recovery of a physical object. The facts discovered and the recovery is an assurance that the information given by a person accused of the offence can be relied."

વળી નામદાર સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાનો આધાર લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટે **2024 (0) AIJEL-HC 248910** માં રીપોર્ટેડ ***Ramkishore Bharatsinh Yadav Vs. State of Gujarat and another*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> 22. It is an admitted fact that at the time of making confessional statement during the process of pointing out and demonstration panchnarnas, the appellant-accused was admittedly in the police custody. Moreover, considering the fact that nothing had been discovered or recovered through these panchanamas, we are of the opinion that the trial court, in

considering these evidence for convicting the appellants-accused, has fell in error, since the same is inadmissible.

(૧૦.૭) ભારતીય પુરાવા ધારાની કલમ–૨૬ તથા કલમ–૨૭ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ઉપરોકત ચુકાદાઓથી સ્પષ્ટ થઈ જાય છે કે, ડેમોસ્ટ્રેશન (રીકંટ્રકશન) પંચનામા સમયે જયારે આરોપી પોલીસ કસ્ટડીમાં હોય તેવા સંજોગોમાં મેજીસ્ટ્રેટ રૂબરૂ કરેલ કબુલાત હોય તે સિવાયની પોલીસ કે સાહેદ સામે કરેલ કબુલાત પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. હાલના કેસમાં ફરીયાદપક્ષના સાહેદે સ્પષ્ટ સ્વીકારેલ છે કે, જયારે રીકંટ્રકશન પંચનામા સમયે આરોપીને ચોરીવાળા સ્થળે લાવવામાં આવ્યા ત્યારે આરોપી પોલીસની કસ્ટડીમાં હતા. જેથી તેવા સંજોગોમાં આરોપીએ સાહેદ સમક્ષ ગુનો કર્યાની કબુલાત કરેલ હોય તો પણ આવી કબુલાત ઉપરોકત કાનૂની જોગવાઈઓ તથા ચુકાદાઓના પ્રકાશમાં ગ્રાહય રાખી શકાય નહી.

(૧૦.૮) **ભારતીય પુરાવા ધારા, ૧૮૭૨** ની **કલમ–૨૭** માત્ર મર્યાદિત અપવાદરૂપ જોગવાઈ છે. આ કલમ હેઠળ માત્ર એટલો જ ભાગ ગ્રાહય બને છે જે આરોપી દવારા આપવામાં આવેલી માહિતીના પરીણામે કોઈ નવી હકીકતની શોધ (Discovery of fact) થાય અને જે માહિતીનો તે શોધ સાથે સીધો સબંધ હોય. હાલના કેસમાં આરોપીની પોલીસ કસ્ટડી દરમિયાનની કબુલાત ના પરીણામે કોઈ ચોરાયેલ મુદ્દામાલ, ઘરફોડ માટે વપરાયેલ સાધન અથવા અન્ય કોઈ હકીકત શોધાય આવી હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી. તેથી કલમ–૨૭ લાગુ થવા માટેની મુળભુત ફરજ પુર્ણ થતી નથી. રીકંટ્રકશન પંચનામું પોતે ગુનો સાબિત કરે તેવો મુળભુત

(Substantive) પુરાવો નથી. જો તેના આધારે કોઈ નવી હકીકતની શોધ થઈ ન હોય તો તેના આધારે આરોપી દવારા કરવામાં આવેલ કબુલાત આરોપીને દોષિત ઠરાવવા માટે આધાર બની શકે નહી. વળી હાલના કેસમાં તો રીકંટ્રકશન પંચનામાના પંચસાહેદ દુરસીંગભાઈ અનુભાઈ રાઠવા પોતાની આંક-૧૮ વાળી જુબાનીમાં ઉલટતપાસમાં સ્વિકારે છે કે,

> ***ગાડીમાંથી ઉતરીને પહેલા આગળ પોલીસ વાળા ચાલતા હતા તે પછી આરોપી અને પછી તેઓ ચાલતા હતા. જે જગ્યાએ ચોરી થઈ તે જગ્યાની પોલીસને ફરીયાદ મળી ગયેલી. ચોરી થયેલી હોય જેથી પોલીસ અગાઉ પણ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા ગયેલી હોવાનું તેઓએ જાણેલું.*** **(આંક-૧૮, પાના નં.૨ )**

તેથી આ રીકંટ્રકશન પંચનામું ખરેખર ભારતીય પુરાવા ધારાની કલમ-૨૭ ની જોગવાઈ અનુરૂપ કરેલ હોવાની બાબત પણ શંકાસ્પદ બને છે. આમ, જયારે પહેલા ફરીયાદ થઈ ગયેલ હોય અને પોલીસે ગુનાવાળી જગ્યાનું પહેલા પંચનામું કરી લીધેલ હોય અને ત્યારબાદ પોલીસ આરોપીને ગુનાવાળી જગ્યાએ લાવી હોય અને તે પણ પોલીસ આગળ ચાલી પાછળ આરોપી ને લઈને આવી હોય તેવા સંજોગોમાં કરવામાં આવેલું પંચનામું જો થોડી માટે માની લેવામાં આવે તો પણ તે કોઈ પણ રીતે ભારતીય પુરાવા ધારાની કલમ-૨૭ હેઠળનું શોધક્રિય (Discovery) પંચનામું ગણી શકાય નહી તેવું આ અદાલતનું માનવું છે.

**(૧૧)** આમ, ઉપરોક્ત તમામ હકીકત જોતાં, હાલના કેસમાં પોલીસ સાહેદોના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી. ખુદ

પંચ સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપેલ નથી. વધુમાં, પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થવાથી મુદ્દામાલની રીકવરી પણ સાબીત થતી નથી. બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા હોય સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોવા છતાં કોઈપણ કારણ વીના સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલા નથી કે તે માટે કોઈ પ્રયાસ સુધ્ધા કરવામાં આવેલ હોય તેવુ રેકર્ડ પર આવતુ નથી. જેથી આરોપીએ ફરીયાદીના ઘરનો દરવાજો ખોલી અંદર પ્રવેશી ફરીયાદમાં જણાવેલ મુદામાલ રોકડ રકમ તથા ચીજવસ્તુઓ તેમજ સાહેદ બાબુભાઈ ભાયાભાઈ રાઠવા નાઓના ઘરેથી મુદામાલ રોકડ રકમ તથા ચીજવસ્તુઓ મળી કુલ કિંમત રૂા.૧,૧૭,૧૦૦/– ની મતાની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોવાની હકીકતો અત્યંત વ્યાજબી શંકાના ઘેરામાં આવે છે. વળી, ફોજદારી ન્યાયશાસ્ત્રનો સ્પષ્ટ સિંધ્ધાત છે કે, જયારે અદાલત સામે બે ચિત્રો ઉપસ્થિત થાય ત્યારે આરોપીની તરફેણમાં અનુમાન કરવાનુ રહે છે. વળી, અત્રે લીગલ મેગ્ઝીમ ***In dubio pro reo*** *(when in doubt, decide in favour of the accused)* નો સિંધ્ધાત પણ લાગુ પડે છે. જેનો સાદો અર્થ એવો થાય છે કે, જયારે વ્યાજબી શંકાનુ અસ્તિત્વ હોય ત્યારે આરોપીની તરફેણમાં અનુમાન કરવુ રહયુ.

**(૧૨)** આમ, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં હાલના આરોપીએ ફરીયાદી તથા સાહેદોના ઘરે ઘરફોડ કરેલ હોય કે તેમના ઘરેથી ચોરી કરેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર થતું નથી. તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપાયેલ ગુનો નિ:શંક પણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર હોય અત્રેની અદાલત **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદ્દા નં. ૨** પરત્વે ન્યાયના વિશાળ હિત માં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી **મનિષભાઈ ઉર્ફે ગુડુ મોહનભાઈ ગુપ્તા,** ઉ.વ.આ.૩૧, ધંધો: ડ્રાઈવિંગ, રહે.વોર્ડ નં.૦૭ ગોલવાર ટોલા મહોલ્લા પોસ્ટ, તા.મુહમદાબાદ ગોહના, જી.મહુ (ઉત્તર પ્રદેશ) વાળાને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની** કલમ–**૨૭૧(૧)** અન્વયે તેમની સામેના નોંધાયેલ **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫ તથા ૩૩૧(૪)** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી હાલ આ ગુનામાં જયુડીશીયલ કસ્ટડીમાં હોય અન્ય ગુનાના કામે જો જરૂરીયાત ન હોય તો, આ કેસ પુરતા આરોપીને તાકીદે જેલમુકત કરવા.

(૩) હુકમની યાદી તાકીદે સબજેલ છોટાઉદેપુર ને કરવી.

(૪) મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદામાલ અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ શરતો રદ કરી કાયમ કરવામાં આવે છે.

(૫) આરોપી અન્ય કામે જેલમાં હોય જેથી આરોપીનો અપીલ કોર્ટમાં હાજર રહેવા માટેનો **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩** ની કલમ–**૪૮૧** મુજબ નો જાત મૂચરકો લેવામાં આવેલ છે.

આ ચુકાદો આજ રોજ તા: ૦૪ થી, માહે: જુન, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪–૦૬–૨૦૨૬
સ્થળ: છોટાઉદેપુર

**(અલ્તાફઅલી હાતીમઅલી મકરાણી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
છોટાઉદેપુર
જજ કોડ : જીજે–૦૧૧૩૭